# માઈકાના ડીન પ્રીતિ શ્રોફે કહ્યું કે,

# ઉદ્યોગ સાહસિકતા શીખવી શકાય તેવું લેસન નથી

## EDIIમાં આંત્રપ્રિન્યોર શિપ પર કોન્કલેવ યોજાયો

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) તથા યુનિવર્સિટી ઓફ ઈસ્ટ લંડન (યુઈએલ) અને બ્રિટિશ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે મેઈનસ્ટ્રીમીંગ ઓફ સોશિયલ એન્ટરપ્રેનિયરશીપ એજ્યુકેશન ઈન ઈન્ડિયા કોન્ક્લેવ યોજાયો. જેમાં આંત્રપ્રિન્યોર એક્સપર્ટે સોશિયલ આંત્રપ્રિન્યોરશીપ પર ભાર આપવાની અને આ દિશામાં મહત્વના નિર્ણયો લેવાની ચર્ચાઓ કરી હતી.

માઈકના ડીન પ્રીતિ શ્રોફે કહ્યું હતું કે, ‘બદલાવનો પ્રારંભ આપણાથી જ થાય છે. ઉદ્યોગ સાહસિકતા શીખવી શકાય તેવુ લેસન નથી. આ એક પદ્ધતિ છે કે જેને આપણે સંસ્થાઓ સાથે સાંકળવી પડશે, જેથી આપણા બાળકોને તેનો ખ્યાલ આવે. શૈક્ષણિક સંસ્થાઓએ તેમના વિદ્યાર્થીઓને આઈડિયાપ્રેનિયર્સ બનાવવા માટે પોતે સોશિયલ એન્ટરપ્રેનિયર્સ બનવું પડશે.’